eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 262**
**March 11, 2011**

## માહે ફેબ્રુઆરી ૨૦૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ફેબ્રુઆરી માસ દરમ્યાન ૩૧૮૧ ઈન્ડોર તથા ૩૭૩૧૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૨૪૨ તથા ૫૩૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૪૬૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## હરિઃ ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" નું આયોજન



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે,બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" તા. ૦૬/૦૩/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે એલ.પી.સવાણી સ્કૂલ સર્કલથી ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ,રાંદેર,સુરત ખાતે છોકરાઓ તથા છોકરીઓના ૯ થી ૧૧ અને ૧૧ થી ૧૩ વર્ષની વયગ્રુપ મળી કુલ ૮ વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન




આઠમી માર્ચ આખા વિશ્વમાં આંતરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૮/૦૩/૨૦૧૧ ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન ખાતે અગ્રણી મહિલાઓને સન્માન અને કવયિત્રી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહની શરૂઆતમાં મા. ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવાએ તમામને આવકારી આ દિનનું મહત્વ જણાવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## હરિઃ ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન



બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા. ૦૯/૦૩/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૮. ૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા ૬ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## શ્રી મહેન્દ્રભાઈ એન. કોઠવાલા, પી એ ટુ કમિશનર, સુરત મહાનગરપાલિકા, તા. ૨૮/૦૨/૨૦૧૧ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયા



શ્રી મહેન્દ્રભાઈ એન. કોઠવાલા, પી એ ટુ કમિશનર, સુરત મહાનગરપાલિકા, તા. ૨૮/૦૨/૨૦૧૧ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયેલ છે, તેઓનો વિદાય સમારંભ તા. ૦૩/૦૩/૨૦૧૧ ના રોજ મ્યુ. કમિશનર કુ. એસ. અપર્ણા, આઈએએસ ના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ,કાર્યપાલક ઈજનેરશ્રીઓ, કર્મચારીગણ હાજર રહયા હતા. જેઓએ તેમની ૩૧ વર્ષની લાંબી કારકીર્દી દરમ્યાન જુદા જુદા વિભાગીય વડાશ્રી તથા કમિશનરશ્રીના સ્ટેનોગ્રાફર તરીકે ફરજ બજાવેલ હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## માહે ફેબ્રુઆરી ૨૦૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ફેબ્રુઆરી માસ દરમ્યાન ૩૧૮૧ ઈન્ડોર તથા ૩૭૩૧૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૨૪૨ તથા ૫૩૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૪૬૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૮૨૭ અને જુના ૮૪૨ દર્દીઓ સહીત કુલ ૧૬૫૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૫૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૩૭ તથા આંખ વિભાગમાં ૨૬૯૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૫૩૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગયલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## હરિઃ ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા'' નું આયોજન

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે,બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત ''શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા'' તા. ૦૬/૦૩/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે એલ.પી.સવાણી સ્કૂલ સર્કલથી ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ,રાંદેર,સુરત ખાતે છોકરાઓ તથા છોકરીઓના ૯ થી ૧૧ અને ૧૧ થી ૧૩ વર્ષની વયગ્રુપ મળી કુલ ૮ (આઠ) વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. આ દોડ તથા સાયકલ સ્પર્ધા મળી કુલ–૪૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ડે.મેયરશ્રી છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, રૂગ્ણાલયો,વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ અધ્યક્ષાશ્રી કુ. પારૂલબેન ભારતી, મ્યુ. સદસ્યશ્રીમતી પ્રિતીબેન પટેલ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કૃષ્ણકાંતભાઈ છત્રપતિ, ડો.નિરંજનભાઈ રંગુનવાલા, શ્રી નવનીતભાઈ પટેલે લીલી ઝંડી ફરકાવી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા નીવડયા હતા.






### દોડ સ્પર્ધા

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | દીપ દક્ષય શાહ | ચૈતન્ય હિતેન્દ્રકુમાર કંથારિયા | સારંગ ડોલ્ફી બકુલભાઈ | મધુર ગજાનંદ શિરભાતે |
| દ્વિતિય | ધાર્મિક એન.દેસાઈ | મિસ્ત્રી પાર્થ ભરતકુમાર | રાશી નિહારભાઈ પટેલ | ધ્રુવી કેતન પટેલ |
| તૃતિય | શબરીશ રાજેશ | જય મહેશભાઈ શર્મા | કશીશ નિહારભાઈ પટેલ | ખુશ્બુ રમેશભાઈ સેલર |

### સાયકલ સ્પર્ધા

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | શાહ દીપ દક્ષય | મિસ્ત્રી પાર્થ ભરતભાઈ | અવનિ બકેશકુમાર ફાયગ | માનસી ઉદય ચાંપાનેરીયા |
| દ્વિતિય | ચિત્રાંગ મુકેશભાઈ મોરે | પાર્થ ધવલ ઠકકર | શ્રુતિ શૈલેષભાઈ શાહ | પૂજા મહેન્દ્રભાઈ પટેલ |
| તૃતિય | રીતીક કિશન ભાટીયા | કૃપેશ ઈચ્છાપોરીયા | મિતી અમીચંદવાલા | ક્રિષ્ના વિનોદભાઈ પટેલ |

આ સ્પર્ધાના ૧ થી ૩ ક્રમના વિજેતાઓને પ્રમાણપત્રો ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેતા તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા તરફથી લ્હાણી,પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર, હરિઃૐ આશ્રમ તરફથી પુસ્તિકા આપવામાં આવ્યા હતા.

TOP

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન




આઠમી માર્ચ આખા વિશ્વમાં આંતરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૮/૦૩/૨૦૧૧ ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ગાંધી સ્મૃતિ  ભવન ખાતે અગ્રણી મહિલાઓને સન્માન અને કવયિત્રી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહની શરૂઆતમાં મા. ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવાએ તમામને આવકારી આ દિનનું મહત્વ જણાવ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાનન પ્રો. ડો. રેખાબેન ભટ્ટે સમાજના વિવિધ ક્ષેત્રે મહિલાઓના યોગદાનનો ઉલ્લેખ કરી સુરત મહાનગરપાલિકા ધ્વારા રાખવામાં આવેલ કાર્યક્રમ બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે પોતાના વ્યકતવ્યમાં પુરૂષે સ્ત્રી સાથે સ્પર્ધા ન કરી એકબીજાના પુરક રહી સમાજના દરેક ક્ષેત્રમાં વિકાસ કરવા અનુરોધ કર્યો હતો. મ્યુનિ. કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ સ્ત્રીઓમાં રહેલ માફ કરવાની ભાવનાનો ઉલ્લેખ કરી આજના સમાજમાં સ્ત્રીઓને ભણતર માટે વધુમાં વધુ પ્રોત્સાહન આપી, પગભર બનાવી દરેક ક્ષેત્રમાં યોગદાન આપે એવા સમાજનો વિકાસ કરવા અપીલ કરી હતી. મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે,દરેક ક્ષેત્રે સ્ત્રીઓને એક સરખી તક આપી વિકાસમાં સહભાગી બને અને ભાવિ  પેઢીના ઘડતરમાં એક આગવું પ્રદાન આપે એવો માહોલ સર્જવા દરેકે પ્રયત્ન કરવા જોઈએ એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ડે.મેયરશ્રી છાયાબેન ભુવા,વિવિધ સમિતિના અધ્યક્ષાશ્રીઓ, રાજય પારિતોષિક વિજેતા શિક્ષિકાઓ–૨,રમતવીરો–૫,પત્રકારો–૬, સમાજના વિવિધ ક્ષેત્રે સેવાઓ આપનારી મહિલાઓ–૭,મહિલા મ્યુનિસિપલ સભ્યશ્રીઓ–૩૪ વિગેરેનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે શાલ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ડો.રીટાબેન ત્રિવેદી સંચાલિત કવિયત્રી સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં કવિયત્રીશ્રી રીનાબેન મહેતા, શ્રી યામિની વ્યાસ, શ્રી એશા દાદાવાલા, શ્રી દિવ્યા મોદી, શ્રી સ્મિતા પારેખ અને શ્રી પ્રજ્ઞા વશીએ પોતાની આગવી શૈલીમાં મહિલાઓ ઉપર આધારીત ગઝલ, કવિતા, છંદ, મુકતક વિગેરે કૃતિ રજુ કરી હતી. આ તમામ કવિયત્રીઓની હાજરીમાં પીઢ સાહિત્યકાર શ્રી નાનુભાઈ નાયકનું સાલ, મોમેન્ટો અને પુષ્પગુચ્છથી મા. અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી ગીતાબેન પટેલે સન્માનીત કર્યા હતા. આંતરરાષ્ટ્રીય મહિલા દિન અંતર્ગત યોજવામાં આવેલ આ સમારોહમાં મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

TOP

## હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા. ૦૯/૦૩/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા ૬ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ બાળતરણ સ્પર્ધાનો શુભારંભ મા. ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, ઉપાધ્યક્ષા શ્રીમતી ઉર્મિલાબેન રાણા, મ્યુ.સદસ્યશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રીસન્મુખભાઈ જીનવાલા, શ્રી કે.એસ. છત્રપતિ, શ્રી મહેન્દ્રભાઈ લાપસીવાલાએ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં છોકરાઓ અને છોકરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી કુલ ૪ વિભાગમાં ૭૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.




**વયગૃપઃ– ૯ થી ૧૧ વર્ષ**

| ક્રમ | વિજેતાના નામ (કિશોર) | વિજેતાના નામ (કિશોરી) |
|---|---|---|
| પ્રથમ | શાહ દિપ દક્ષય | પટેલ રાશિ નિહાર |
| દ્વિતીય | ઘડિયાળી ક્રિષ્ણા મિતુલભાઈ | સારંગ ડોલ્ફી બકુલભાઈ |
| તૃતીય | વીમાવાલા કલશ દર્શન | કશીશ નિહાર પટેલ |

**વયગૃપઃ– ૧૧ થી ૧૩ વર્ષ**

| ક્રમ | વિજેતાના નામ (કિશોર) | વિજેતાના નામ (કિશોરી) |
|---|---|---|
| પ્રથમ | વ્રજ હિતેશકુમાર પચ્ચીગર | મધુર ગજાનન શિરભાતે |
| દ્વિતીય | સકસેના ઓમ જય | ટાંક ગગનદીપ કૌર |
| તૃતીય | મિસ્ત્રી પાર્થ ભરતભાઈ | સકસેના કલ્યાણી અજય |

આ બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી તથા વિજેતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સુરત મહાનગર પાલિકા તરફથી પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ તેમજ હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## શ્રી મહેન્દ્રભાઈ એન. કોઠવાલા, પી એ ટુ કમિશનર, સુરત મહાનગરપાલિકા, તા. ૨૮/૦૨/૨૦૧૧ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયા



શ્રી મહેન્દ્રભાઈ એન. કોઠવાલા, પી એ ટુ કમિશનર, સુરત મહાનગરપાલિકા, તા. ૨૮/૦૨/૨૦૧૧ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયેલ છે, તેઓનો વિદાય સમારંભ તા. ૦૩/૦૩/૨૦૧૧ ના રોજ મ્યુ. કમિશનર કુ. એસ. અપર્ણા, આઈએએસ ના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ,કાર્યપાલક ઈજનેરશ્રીઓ, કર્મચારીગણ હાજર રહયા હતા. જેઓએ તેમની ૩૧ વર્ષની લાંબી કારકીર્દી દરમ્યાન જુદા જુદા વિભાગીય વડાશ્રી તથા કમિશનરશ્રીના સ્ટેનોગ્રાફર તરીકે ફરજ બજાવેલ હતી.

- સુરત મહાનગરપાલિકામાં તા. ૦૨/૦૬/૮૦ ના રોજ સ્ટેનો ગ્રાફર – III તરીકે જોડાયા બાદ સમયાંતરે સ્ટનો ગ્રાફર– II અને સ્ટેનોગ્રાફર– I તરીકે પ્રમોશન મળેલ છે.
- તેઓશ્રીએ સુરત મહાનગરપાલિકામાં કુલ–૩૧ વર્ષની લાંબી કારકીર્દી દરમ્યાન જુદા જુદા ખાતાનાં વડાઓ સાથે તથા સીટી ઈજનેરશ્રી પી.સી.શાહ સાહેબ તથા ડે.કમિશનર(સ્પે.) શ્રી પી.જે.ઝાલા સાહેબના સ્ટેનોગ્રાફર તરીકે તેઓએ ઉમદા ફરજ બજાવેલ છે.
- તેઓશ્રી જાન્યુઆરી–૨૦૦૫ થી પી એ ટુ મ્યુનિ.કમિશનરશ્રીના હોદ્દા ઉપર ફરજ બજાવેલ છે.
- તેઓએ તેમની ફરજ દરમ્યાન તત્કાલિન મ્યુનિ.કમિશનરશ્રી, શ્રી પંકજ જોષી સાહેબ, આઈએએસ તથા હાલના મ્યુનિ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, આઈએએસ ના પી.એ. તરીકે ખૂબ જ નિષ્ઠા અને ખંતથી ફરજ બજાવેલ છે.

અંતમાં મ્યુ.કમિશનરશ્રી તથા અધિકારીશ્રીઓએ શ્રી મહેન્દ્ર કોઠવાલાને તેનું શેષ જીવન સુખમય નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

TOP